# વર્ષ ૨૦૨૩-૨૪ ની પૂરક માંગણીઓ પરની ચર્ચા :

## તા.૦૮/૦૨/૨૦૨૪ માનનીય નાણા મંત્રીશ્રી નું પ્રવચન

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજ રોજ પૂરક માંગણીઓની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રીઓએ લોકશાહીના આ મંદિરમાં પોતાના વિચારો, અભિપ્રાયો અને સૂચનો રજૂ કરેલ છે તે આવકારદાયક છે. લોકશાહીમાં આ પ્રકારની ચર્ચા વિચારણા જરૂરી પણ છે. આ સન્માનીય ગૃહમાં વર્ષ ૨૦૨૩-૨૪ ના ખર્ચના પૂરક પત્રમાં સમાવિષ્ટ માંગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલ માંગણી નં- ૯,૨૨,૭૪, ૮૬ અને ૯૬ એમ પાંચ માંગણીઓ સર્વાનુમતે પસાર કરવા અનુરોધ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનીય ગૃહમાં રજૂ કરેલ પૂરક માંગણીઓ માર્ગ અને મકાન વિભાગ, શિક્ષણ વિભાગ,અન્ન, નાગિરક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ સાથે સંબંધિત છે.

જેમાં પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન, પી. એમ. શ્રી સ્કૂલ્સ ફોર રાઈઝીંગ ઈન્ડિયા, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ સબસીડી, અન્ન સલામતી યોજના, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને સહાય, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, આદિજાતિ વિસ્તારોમાં મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ

માટેની યોજના સાથે સંબંધિત પૂરક માંગણીઓનો સમાવેશ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ચાલુ વર્ષે અમે રૂપિયા ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું અંદાજપત્ર રજૂ કરેલ છે. જેની સામે રજૂ થયેલ પુરક માંગણીઓની રકમ રૂપિયા ૧૮ હજાર ૩૫૭ કરોડ છે. જે અંદાજે ૬ ટકા જેટલી નહીવત હોય સહેજે સ્વીકાર્ય બને છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય મોદીજીએ સૌના સાથ થી સૌનો વિકાસ કર્યો છે. સાથેસાથે સૌનો વિશ્વાસ જીતી સૌના પ્રયાસથી દેશનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આથી, આજે સમગ્ર વિશ્વમાં તેમના નામનો જયજયકાર થઇ રહ્યો છે. માન.મોદીજીના નેતૃત્વનો લાભ માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની અમારી સરકારને મળી રહયો છે. તેથી જ આ ડબલ એન્જીનની સરકારમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શિક્ષણના દરેક તબક્કે માળખાગત સગવડો સુદ્રઢ કરવા, નવતર ટેકનોલોજીનો ઉપયોગ કરવા તેમજ શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે સરકાર સંકલ્પબધ્ધ છે. આથી ચાલુ વર્ષે બજેટમાં રૂપિયા ૪૩ હજાર ૬૫૧ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે.

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ હેઠળ વર્ષ 2023-24 દરમિયાન રૂ 3,500 કરોડથી વધુના ખર્ચે ઉચ્ચ કક્ષાની માળખાકિય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જે અંતર્ગત આશરે 15,000 નવા વર્ગખંડોનું કાર્ય

પૂર્ણતાના આરે છે, તેમજ 15,000 થી વધુ નવા વર્ગખંડોનું કાર્ય પ્રગતિ હેઠળ છે. તેની સાથે 25,000 વર્ગખંડોનું અપગ્રેડેશન કાર્ય પૂર્ણતાના આરે છે. તેમજ 45,000થી વધુ વર્ગખંડોનું અપગ્રેડેશન કાર્ય પ્રગતિ હેઠળ છે.

65,000 થી વધુ સ્માર્ટ ક્લાસરૂમ્સ બની ગયેલ છે અને બીજા 45,000 સ્માર્ટ ક્લાસરૂમ્સનું અમલીકરણ પ્રગતિમાં છે. આ વિગતો એ વાતની પુષ્ટિ કરે છે કે અમારી સરકાર શિક્ષણ માટે માળખાકીય સુવિધાઓની સાથે-સાથે આધુનિક આયામોમાં પણ નવી ઉંચાઈ હાસલ કરવા કટિબધ્ધ છે.

માન.વડાપ્રધાન શ્રી મોદીજીના માર્ગદર્શનમાં તૈયાર કરવામાં આવેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં પૂર્વ પ્રાથમિકથી ધોરણ ૧૨ સુધીનું ગુણવત્તાયુક્ત તથા સાંસ્કૃતિક મૂલ્યોને ચરીતાર્થ કરતું શાળાકીય શિક્ષણ તમામ બાળકોને પ્રાપ્ત થાય તે ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળની અમારી સરકાર પણ શિક્ષણના વિકાસ માટે અનેક નવી યોજનાઓ ચલાવી રહી છે જેથી પૂરક ખર્ચની માંગણી આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમારી સરકારે આગોતરા આયોજન માટે વર્ગ વધારાની મંજૂરી આપવાની હાલની પદ્ધતિના સ્થાને સરકારી પ્રાથમિક શાળાની જેમ Aadhar Enabled District Information System for Education (DISE)

અને Child Tracking System (CTS) અમલમાં મૂકી છે. જે અંતર્ગત વિદ્યાર્થી સંખ્યા વધતા તે અનુસાર આપોઆપ વર્ગ વધારો મળી જાય તે પ્રકારની સરળ અને પારદર્શક વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવેલ છે.

PM SHRI (Pradhan Mantri Schools for Rising India) શાળાઓ દ્વારા ૨૧ મી સદીને અનુરૂપ એવા કૌશલ્યોથી સજ્જ વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવશે. PM SHRI શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ માટે ભૌતિક માળખાકીય સુવિધા અને શીખવા માટે અનુકૂળ સંસાધનો ઉપલબ્ધ હશે. વિદ્યાર્થીઓને ભારતના જ્ઞાન અને વારસા સાથે જોડવામાં આવશે. પ્રથમ તબક્કામાં ગુજરાત રાજ્યની 274 શાળાઓ PM SHRI યોજના અંતર્ગત પસંદ થઇ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના સંવેદનશીલ નેતૃત્વ હેઠળની અમારી સરકારે રાજ્યના ગરીબ અને છેવાડાના માનવીને બે ટંકનું ભોજન મળી રહે તેની સતત ચિંતા કરી છે.

૭૨ લાખ જેટલા રેશનકાર્ડ ધારકોની ત્રણ કરોડ સિત્તેર લાખ (૩.૭૦ કરોડ) જેટલી જનસંખ્યાને દર મહિને અનાજ તથા અન્ય આવશ્યક ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે.

તાજેતરમાં જ “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”ને માનનીય વડાપ્રધાનશ્રી મોદીજી દ્વારા ૧લી જાન્યુઆરી, ૨૦૨૪ થી આગામી પાંચ વર્ષના સમયગાળા માટે લંબાવવામાં આવેલ છે. જે અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને દર માસે વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવાનું નિયત કરવામાં આવેલ છે. જે માટે હું માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીનો આભાર વ્યકત કરું છું.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩ – ૨૪ માટે “રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩” હેઠળ ઘઉં અને ચોખાના વિતરણ માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં કુલ રૂ. ૬૧૮ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં માંગણી ક્રમાંક ૨૨ હેઠળ રૂ. ૩૮૭.૮૨ કરોડની જોગવાઈ મંજૂર થયેલ હતી. જેમાં ભારત સરકારશ્રી દ્વારા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ની અવધિ આગામી પાંચ વર્ષના સમયગાળા માટે લંબાવવામાં આવતાં, ભારત સરકાર તરફથી મળવાપાત્ર સહાય ઉપરાંત રાજ્ય સરકારનો ખર્ચ વધેલ છે.

અમારી સરકાર રાજ્યના જરૂરિયાતમંદ કુટુંબોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓ રાહત દરે મળી રહે તેની ચિંતા કરે છે. આથી, દર માસે ઘઉં અને ચોખાની સાથો-સાથ તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું તથા વર્ષમાં બે વાર તહેવારો દરમ્યાન ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે. જે માટે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર દ્વારા નોંધપાત્ર ખર્ચ કરવામાં આવે છે. આમ,

રાજ્યના છેવાડાનાં માનવી સુધી અન્ન સુરક્ષા પૂરી પાડવા માટે આ અગત્યનું ખર્ચ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ વર્ષ ૧૯૬૦થી સામાજીક જવાબદારીના ભાગરૂપે મુસાફરોને “નહિ નફો નહી નુક્શાનના ધોરણે” અવિરત પરિવહન સુવિધાઓ પુરી પાડી રહેલ છે. ચાલુ વર્ષે રાજય સરકાર દ્વારા ૨૦૦૦ નવી બસો નાગરિકોની સેવામાં મૂકવામાં આવશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિદ્યાર્થીઓ, દિવ્યાંગો, સ્વાતંત્ર સેનાનીઓ, પત્રકારો, રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો, ઈન્ટરવ્યું આપવા જતા નોકરિયાતો, કેન્સર / થેલેસેમિયા / સિકલસેલના દર્દીઓ, રાજ્ય કક્ષાએ રમતગમતમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને રાહત દરે અથવા વિના મુલ્યે પરિવહનની સુવિધાઓ આપવામાં આવે છે.

રાજ્યમાં પુર, વાવાઝોડું, આગ, પેન્ડેમિક (Pandemic) વિગેરે જેવી આકસ્મિક પરિસ્થિતિઓમાં પણ ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ રાજ્યના નાગરિકોને સતત સેવા પુરી પાડે છે. હાલમાં નિગમ ૧૬ વિભાગ, ૧૨૫ ડેપો, ૮૦૦૦ કરતા વધુ બસો થકી રાજ્ય તેમજ આંતર રાજ્ય (મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને સંઘ પ્રદેશ) સહિત

વિવિધ વિસ્તારોમાં દૈનિક ૩૦ લાખ થી વધુ કિલોમીટર સંચાલિત કરી રાજ્યના ૨૫ લાખ મુસાફરો અને ૯૯.૩૪% ગામોને એસ.ટી. બસ સેવા આપી રહેલ છે.

આથી, રાજ્યના માર્ગ પરિવહન માટેની મહત્વની સેવા માટેનું અનિવાર્ય વધારાનું ખર્ચ આ સન્માનનીય ગૃહની મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ ૨૦૨૩-૨૪માં માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજે ૧૬,૦૦૦ કીમીથી વધુ લંબાઇના રસ્તાઓની સુધારણાની કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે.

રાજય સરકારે વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રામ્ય માર્ગોની સુધારણા તેમજ જોડાણના વિસ્તરણ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના નામે નવતર યોજનાની શરૂઆત કરેલ. જેના માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂા. ૩૮૦૮ કરોડની જોગવાઈ કરેલ છે.

૨૦૧૬-૧૭ માં નોન-પ્લાન રસ્તાઓની લંબાઇ ૩૫,૦૨૭ કી.મી. હતી. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હાથ ધરવાથી તેમાં ૧૪,૫૫૩ કી.મી. નો વધારો થયેલ છે. આમ, રાજ્ય સરકાર ગ્રામીણ અને અંતરિયાળ ક્ષેત્રોમાં પણ ઉતકૃષ્ટ રસ્તાઓના નિર્માણ થકી વિકાસની નવી ઉંચાઈઓને આંબી રહી છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી અંતર્ગત રાજ્યના 3000 કિલોમીટરના ગ્રામ્ય માર્ગોને ૫.૫૦ મીટર પહોળા કરવાનું આયોજન છે.

વર્ષ ૨૦૨૩-૨૪ અંતિત રાજ્યમાં રસ્તાઓની કુલ લંબાઈ ૧,૩૦,૬૯૬ કી.મી. છે. જે પૈકી ૮૧,૧૧૬ કી.મી. પ્લાન રસ્તાઓ અને ૪૯,૫૮૦ કી.મી. નોન-પ્લાન રસ્તાઓ છે.

રાજયના દરીયાકાંઠા પર આવેલ પ્રવાસન સ્થળો તેમજ બંદરોને જોડતા ૧૦ મીટર પહોળાઇના ૧૬૫૦ કિ.મી લંબાઇના કોસ્ટલ હાઇવેને કારણે આશરે ૭૦ થી ૮૦ કી.મી. જેટલું અંતર ઓછું થશે તેમજ પ્રવાસનની સાથો સાથ વાહનવ્યવહારની નવી સુવિધાઓ પણ ઉપલબ્ધ થશે.

પરિક્રમા પથના બાંધકામ, ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાને છ માર્ગી કરવા, ટુરિસ્ટ સર્કિટને જોડતાં ૧૨ રસ્તાઓના બાંધકામના કાર્યો તેમજ રાજ્ય ધોરીમાર્ગોને દ્વિમાર્ગીય કરવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. પરિણામે, રાજ્યમાં કનેક્ટીવીટી તથા માર્ગ સલામતી અને સુલભતામાં વધારો થશે. આમ, રાજ્યના આંતરમાળખાકીય સર્વાંગી વિકાસને વેગ આપવા માટે આ વધારાનું ખર્ચ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરી વનબંધુઓના સામાજિક સશકિતકરણ અને આર્થિક ઉત્કર્ષ માટે સતત કાર્યરત છે. વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ પરિવારોને પાયાની માળખાકિય સુવિધાઓ પૂરી પાડી તેઓના સર્વાંગી વિકાસ માટે સરકાર મક્કમપણે આગળ વધી રહી છે.

આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓ અને એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલો, આદિજાતિ ક્ષેત્રના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય તથા સમરસ છાત્રાલયો જેવી યોજનાઓના અસરકારક અમલીકરણથી આદિજાતિ સમૂહનો શૈક્ષણિક ઉત્કર્ષ કરવા માટે સરકાર કટિબધ્ધ છે.

શૈક્ષણિક વિકાસની સાથોસાથ તેમના ઘરઆંગણે જ આર્થિક ઉપાર્જન માટે જમીન સુધારણા, કૃષિ ઇનપુટ સહાય, કૃષિ ઓજારો, પશુપાલન વગેરે માટે સહાય આપવામાં આવે છે. માનવ ગરિમા યોજના હેઠળ લોકોને સ્વરોજગારી મળી રહે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને "પોતાના સ્વપ્નનું ઘર" મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. રાજ્યના તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને ૨૦૨૪ સુધીમાં આ યોજના હેઠળ આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે.

નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪માં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણ માટે રૂ. ૧૬૩ કરોડ ની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી, પરંતુ વધુ માં વધુ લોકોને પાકા મકાન મળી રહે તે હેતુ થી સુધારેલ અંદાજો માં મૂળ બજેટ જોગવાઈ માં રૂ. ૮૨૧ કરોડનો ધરખમ વધારો કરી કુલ રૂ. ૯૮૪ કરોડની બજેટ જોગવાઈ નિયત કરવામાં આવેલ છે.

ભારત સરકારની પ્રિ મેટ્રીક સ્કોલરશીપ યોજના અંતર્ગત ધોરણ-૯ અને ૧૦ માં અભ્યાસ કરતા આદિજાતિના વિધાર્થીઓ કે જેઓ ગત વાર્ષિક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ હોય તેઓને વાર્ષિક રૂ. ૨.૫૦ લાખની આવકમર્યાદા ધ્યાને લઇ આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થાય છે. ભારત સરકારશ્રીની નવીન ગાઈડલાઇન મુજબ હોસ્ટેલરને રૂ. ૬૨૫૦/- તથા  ડેસ્કોલરને રૂ. ૩૦૦૦/- વાર્ષિક ચુકવવામાં આવે છે. વધુમાં, દિવ્યાંગ વિધાર્થીઓ માટે ઉકત શિષ્યવૃત્તિ  ઉપરાંત  હોસ્ટેલર વિધાર્થી હોય તો રૂ. ૯૬૦૦/- તથા ડેસ્કૉલર વિધાર્થી હોય તો રૂ.૭૨૦૦/- લેખે વાર્ષિક  ચુકવવામાં આવે છે.

પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-JANMAN) અભિયાન હેઠળ, શિક્ષણ મંત્રાલય હોસ્ટેલ સ્થાપના અને સંચાલન માટે રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને નાણાકીય સહાય આપે છે. જેમાં ૧૦૦ બાળકોની કેપેસીટી ધરાવતી ચીખલી-નવસારીની ઝડીફળીયા ગોડથલ પ્રાથમિક શાળા, સોનગઢ-તાપીની પાથરડા કોલોની પ્રાથમિક શાળા અને કપરાડા-વલસાડની સુથારપાડા સરકારી

માધ્યમિક શાળા એમ મળીને કુલ 03 હોસ્ટેલમાં કુલ 300 બાળકોની કેપેસીટીવાળું બાંધકામ પ્રગતિ હેઠળ છે. આમ, આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાઓ તથા આદિમજૂથોના સર્વાંગી વિકાસ માટેનું આ અગત્યનું ખર્ચ સન્માનનીય ગૃહની મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આમ, નાગરિકોના સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષની સાથો-સાથ બહુઆયામી વિકાસ થકી પાયાની સુવિધાઓ મળી રહે તે માટે ખુબ જ અગત્યના અને જરૂરી એવા ખર્ચ માટે જે વિશેષ જોગવાઈઓ પૂરક માંગણીઓનાં સ્વરૂપમાં આ ગૃહ સમક્ષ રજૂ કરેલ છે તેને સર્વાનુમતે પસાર કરવા અને માનનીય સભ્યશ્રીઓને તેઓએ રજૂ કરેલ કાપ દરખાસ્તો પરત ખેંચવા હું વિનંતી કરું છું.